Name & Signature of the Invigilator

.................................................

.................................................

**LAW**
**PAPER-III**
**OCT-14/16**

ICR Answer Sheet No. : | | | | | |

Roll No. : | | | | | |

Roll Number in words : ..........................................

...........................................................................

**Time : 2.30 Hours]** **No. of Printed Pages : 40** **[Maximum Marks : 150**

**Instructions for the Candidates**

1. Write your Roll Number in the space provided on the top of this page.
2. This paper consists of **Seventy five (75)** multiple choice type questions. **All** questions are compulsory.
3. At the commencement of examination, the question booklet will be given to candidate. In the first 5 minutes, candidate is requested to open the booklet and compulsorily examine it as below :
   (*i*) To have access to the question booklet, tear off the paper seal on the edge of this cover page. Do not accept a booklet without sticker-seal and do not accept an open booklet.
   (*ii*) Tally the number of pages and number of questions in the booklet with the information printed on the cover page. Faulty booklets due to pages/questions missing or duplicate or not in serial order or any other discrepancy should be got replaced immediately by a correct booklet from the invigilator within the period of five minutes. Afterwards, neither the question booklet will be replaced nor any extra time will be given.
   (*iii*) After this verification is over, the test booklet number should be entered in the ICR answer sheet and the ICR Answer Sheet number should be entered on this test booklet.
4. Each item has upto four alternative responses marked (A), (B), (C) and (D). The answer should be a capital letter for the selected option. The answer letter should entirely be contained within the corresponding square.

   Correct method **A** Wrong method **A** OR **A**

5. Your responses to the items for this paper are to be indicated on the ICR Answer Sheet under Paper III only.
6. Read instructions given inside carefully.
7. Rough work is to be done in the end of the booklet only.
8. You have to return the original ICR Answer Sheet to the invigilators at the end of the examination compulsorily and must not carry it with you outside the examination hall. You are, however, allowed to carry duplicate copy of ICR sheet and test booklet on conclusion of the examination.
9. Use black ball point pen.
10. Use of any Calculators or log tables or any other electronic devices is prohibited.
11. There shall be no negative marking.
12. In case of any discrepancy in Gujarati and English version of questions the English version should be taken as final.

**પરીક્ષાર્થીઓ માટે સૂચનાઓ :**

1. આ પાનાની ટોચમાં દર્શાવેલી જગ્યામાં તમારો રોલનંબર લખો.
2. આ પ્રશ્નપત્રમાં બહુવૈકલ્પિક ઉત્તરો ધરાવતા કુલ **પંચોતેર (૭૫)** પ્રશ્નો આપેલા છે. **બધા જ** પ્રશ્નો ફરજિયાત છે.
3. પરીક્ષાની શરૂઆતમાં ઉમેદવારને પ્રશ્નપુસ્તિકા આપવામાં આવશે. પ્રથમ ૫ મિનિટ દરમ્યાન, ઉમેદવારે પ્રશ્નપુસ્તિકા ખોલી અને ફરજિયાતપણે નીચે મુજબ પરીક્ષણ કરવું.
   (*i*) પ્રશ્નપુસ્તિકાનો વપરાશ કરવા માટે આ કવર પેજની ધાર પર આપેલ સીલ ફાડી નાખો. કોઈપણ સંજોગોમાં સીલ સ્ટીકર વગરની કે ખુલ્લી પ્રશ્નપુસ્તિકા સ્વીકારશો નહીં.
   (*ii*) કવર પૃષ્ઠ પર છપાયેલ નિર્દેશાનુસાર પ્રશ્નપુસ્તિકાના પ્રશ્નો પૃષ્ઠો અને સંખ્યાને બરાબર ચકાસી લો. ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા કે જેમાં પૃષ્ઠો/પ્રશ્નો ઓછા હોય, બે વાર છપાયા હોય, અનુક્રમમાં અથવા કોઈ અન્ય ફરક હોય અર્થાત કોઈપણ કારણે ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા સ્વીકારવી નહીં. એને જો ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા મળી હોય તો નિરીક્ષક પાસેથી તુરંત જ બીજી સારી પ્રશ્નપુસ્તિકા મેળવી લેવી. આ માટે ઉમેદવારને પાંચ મિનિટનો સમયગાળો આપવામાં આવશે. પછીથી, પ્રશ્નપુસ્તિકા બદલવામાં આવશે નહીં કે કોઈ વધારાનો સમય પણ આપવામાં આવશે નહીં.
   (*iii*) આ ચકાસણી સમાપ્ત થાયપછી, ટેસ્ટ પુસ્તિકા નંબર ICR જવાબ પત્રકમાં લખવો અને ICR જવાબ પત્રક નંબર પ્રશ્નપુસ્તિકા પર લખવો.
4. પ્રત્યેક પ્રશ્ન માટે ચાર ઉત્તર વિકલ્પ (A), (B), (C) અને (D) આપવામાં આવેલ છે. પસંદગીનો જવાબ માત્ર અંગ્રેજી કેપીટલ મૂળાક્ષર દ્વારા જ આપવો. પસંદ કરેલ અંગ્રેજી કેપીટલ અક્ષર આપેલ ખાનામાં સંપૂર્ણ રીતે સમાઈ જાય તે રીતે લખવો.

   સાચી રીત : **A** ખોટી રીત : **A** અથવા **A**

5. આ પ્રશ્નપુસ્તિકાના પ્રશ્નોના જવાબ અલગથી આપવામાં આવેલ ICR જવાબ પત્રકમાં પેપર–૩ લખેલ વિભાગમાં જ લખવા.
6. અંદર આપેલ સૂચનાઓ ધ્યાનપૂર્વક વાંચો.
7. આ પ્રશ્નપુસ્તિકાની અંતે આપેલ પાનું રફ કામ માટે છે.
8. પરીક્ષા સમય પૂરો થઈ ગયા પછી ઓરીજીનલ ICR જવાબ પત્રક જે તે નિરીક્ષકને ફરજીયાત સોંપી દેવું અને કોઈપણ સંજોગોમાં પરીક્ષાખંડની બહાર જઈ શકશે નહીં. પરીક્ષા પૂર્ણ થયા બાદ ઉમેદવાર પ્રશ્નપુસ્તિકા તથા ICR જવાબવહીની ડુપ્લિકેટ કોપી પોતાની સાથે લઈ જઈ શકે છે.
9. માત્ર કાળી પેન/કાળી બોલ પેન વાપરવી.
10. કેલ્ક્યુલેટર અને અન્ય ઈલેક્ટ્રોનિક યંત્રોનો ઉપયોગ કરવાની મનાઈ છે.
11. ખોટા જવાબ માટે નેગેટિવ ગુણાંકન પ્રથા નથી.
12. પ્રશ્નપુસ્તિકાના કોઈ પ્રશ્નમાં અનુવાદ અંગે કોઈ વિવાદ/મતભેદ જણાય તો અંગ્રેજી વર્ઝન યોગ્ય ગણાશે.

SEAL

## LAW
## PAPER - III

## કાયદો
## પેપર–III

*Note* : This paper contains **Seventy Five (75)** multiple-choice/Assertion and Reasoning/matching questions/carrying **TWO (2)** marks. Attempt **All** the questions.

નોંધ : આ પ્રશ્નપત્રમાં **પંચોતેર (૭૫)** બહુવિકલ્પીય પ્રશ્નો, સાચું-ખોટું અને જોડકાં બનાવવાના પ્રશ્નો છે. તમામ પ્રશ્નોના જવાબ લખવાના છે. પ્રત્યેક પ્રશ્નના **બે (૨)** ગુણ છે.

---

1. In case there is conflict between the preamble and other provisions of the Contitution.

   (A) Preamble will prevail

   (B) Other provisions of the Constitution will prevail

   (C) Both will go side by side

   (D) Interpretation by the Supreme Court will have the last say

2. The structure of Indian Constitution is :

   (A) Federal in form and unitary in spirit

   (B) Unitary

   (C) Unitary in form and federal in spirit

   (D) Purely federal

1. જો બંધારણના આમુખ અને અન્ય બંધારણીય જોગવાઈ વચ્ચે વિસંગતતા હોય તો :

   (A) આમુખનું પ્રભુત્વ રહેશે

   (B) બંધારણીય અન્ય જોગવાઈઓનું પ્રભુત્વ રહેશે

   (C) બંનેનું સરખું પ્રભુત્વ રહેશે

   (D) સુપ્રિમ અદાલતનું અર્થઘટન અંતિમ રહેશે

2. ભારતના બંધારણનું માળખું ..... છે.

   (A) સ્વરૂપમાં સમવાયતંત્રી અને ગુણાત્મક રીતે એકમતંત્રી

   (B) એકમતંત્રી

   (C) સ્વરૂપમાં એકમતંત્રી અને ગુણાત્મક રીતે સમવાયી તંત્રી

   (D) શુદ્ધ સમવાયતંત્રી

3. "Proper respect is shown to National Anthem by standing up when the National Anthem is sung. It will not be right to say that disrespect is shown by not joining in the singing." It has been held in :

(A) Bijoe Emmanuel *Vs.* State of Kerala

(B) Surya Narain *Vs.* Union of India

(C) Ram Jawaya Kapur *Vs.* Union of India

(D) Keshavanand Bharti *Vs.* State of Kerala

4. Supreme Court cannot exercise appellate jurisdiction in Constitutional cases or the advisory jurisdiction under Article 143 unless there are :

(A) at least 5 judges to act

(B) at least 3 judges to act

(C) at least 6 judges to act

(D) at least 2 judges to act

3. ''રાષ્ટ્રગીત ગવાતી વખતે ઊભા રહી યોગ્ય રીતે આદર આપવામાં આવે છે. માત્ર સાથે ન ગાવાથી રાષ્ટ્રગીતનો અનાદર થયો છે તેમ કહેવું ખરૂં નથી.'' આ પ્રસ્થાપિત કરવામાં આવ્યું :

(A) બીજોય ઈમાનુએલ વિરૂદ્ધ સ્ટેટ ઓફ કેરાલા

(B) સુર્યા નારાયણ વિરૂદ્ધ ભારત સંઘ

(C) રામ જવાયા કપૂર વિરૂદ્ધ ભારત સંઘ

(D) કેશવાનંદ ભારતી વિરૂદ્ધ સ્ટેટ ઓફ કેરાલા

4. બંધારણીય કેસોમાં અપીલ હકુમત અથવા અનુચ્છેદ ૧૪૩ અન્વયે સલાહકારી હકુમત સુપ્રિમ કોર્ટ વાપરી શકશે નહીં સિવાય કે ........ સંખ્યામાં ન્યાયાધીશો હોય :

(A) ઓછામાં ઓછા પાંચ ન્યાયાધીશો

(B) ઓછામાં ઓછા ત્રણ ન્યાયાધીશો

(C) ઓછામાં ઓછા છ ન્યાયાધીશો

(D) ઓછામાં ઓછા બે ન્યાયાધીશો

5. In case there is an inconsistency between the laws made by Parliament and the laws made by State Legislature, which one of the following shall prevail ?

(A) The law made by Parliament before the law made by Legislature of the State

(B) The law made by Parliament before or after the law made by Legislature of the State

(C) The law made by Parliament made after the law made by Legislature of the State

(D) The law made by State Legislature

6. Berubari Union Re AIR 1960 S.C. 845 held :

(A) The power to amend Constitution conferred on Parliament includes the power to amend articles

(B) Parliament has power to cede national territory in favour of a foreign state

(C) Both (A) and (B)

(D) Parliament has only limited power to amend the Constitution

5. જો સંસદીય કાયદાઓ અને રાજયના વૈધાનિક તંત્રના કાયદાઓ વચ્ચે વિસંગતતા હોય તો કોનું પ્રભુત્વ રહેશે ?

(A) રાજયના વૈધાનિક તંત્રના કાયદા પહેલાં જો સંસદનો કાયદો ઘડાયો હોય તો સંસદીય કાયદાનું

(B) સંસદીય કાયદાનું જો તે રાજયના વૈધાનિક તંત્રના કાયદા પહેલાં અથવા પછી ઘડાયો હોય

(C) સંસદીય કાયદાનું જો તે રાજયના વૈધાનિક તંત્રના કાયદા પછી ઘડાયો હોય તો

(D) રાજયના વૈધાનિક તંત્રના કાયદાનું પ્રભુત્વ રહેશે

6. બેરૂબારી યુનિયન AIR 1960 S.C. 845 ના કેસમાં સ્થાપિત કરવામાં આવ્યું કે :

(A) બંધારણ સુધારવાની સંસદની સત્તામાં અનુચ્છેદો સુધારવાની સત્તાનો સમાવેશ થાય છે

(B) વિદેશી રાજયને રાષ્ટ્રનો પ્રાદેશિક વિસ્તાર આપવાની સત્તા સંસદને છે

(C) બંને (A) અને (B)

(D) બંધારણ સુધારવાની સંસદને માત્ર મર્યાદીત સત્તા છે

7. Holding free and fair elections in India is the Constitutional duty of :

(A) Attorney General

(B) Comptroller and Auditor General

(C) Election Commissioner

(D) Solicitor General

8. Whether a Bill is a money bill or not is certified by the ............... and decision is conclusive.

(A) President

(B) Chairman of Rajya Sabha

(C) Speaker of Lok Sabha

(D) Chairman of Public Accounts Committee

7. ભારતમાં મુક્ત અને ન્યાયી ચૂંટણીનું આયોજન કરવાની બંધારણીય ફરજ ........ છે.

(A) એટોર્ની જનરલ

(B) કમ્પ્ટ્રોલર એન્ડ ઓડીટર જનરલ

(C) ચૂંટણી કમિશ્નર

(D) સોલીસીટર જનરલ

8. કોઈ પણ ખરડો એ નાણાંકીય ખરડો છે કે કેમ તે ......... અધિકૃત રીતે જાહેર કરશે અને તે નિર્ણય અંતિમ રહેશે :

(A) રાષ્ટ્રપતિ

(B) રાજ્યસભાના અધ્યક્ષ

(C) લોકસભાના સ્પીકર

(D) જાહેર હિસાબ સમિતિના અધ્યક્ષ

9. "Administrative law is the law concerning the powers and procedures of administrative agencies including especially the law governing judicial review of administrative action." Who said so ?

(A) Ivor Jennings

(B) William Wade

(C) K.C. Davis

(D) Griffith and Street

10. Who was the originator of the basic principle of Rule of Law ?

(A) A.V. Dicey

(B) Montesquieu

(C) Thomas Aquinas

(D) Edward Coke

9. ''વહીવટી કાયદો એ વહીવટી એજન્સીઓની સત્તાઓ તેમજ પ્રક્રિયાઓને સ્પર્શતો કાયદો છે જેમાં વહીવટી કૃત્યોની ન્યાયિક સમીક્ષાનો ખાસ સમાવેશ થાય છે'' આ કોનું વિધાન છે ?

(A) આઈવર જેનીંગ્સ

(B) વિલિયમ વેડ

(C) કે.સી. ડેવીસ

(D) ગ્રીફીથ અને સ્ટ્રીટ

10. કાયદાના શાસનના મૂળભૂત સિદ્ધાંતનો જનક કોણ છે ?

(A) એ.વી. ડાઈસી

(B) મોન્ટસ્કયુ

(C) થોમસ એકવીનાસ

(D) એડવર્ડ કોક

11. Which article in Indian Constitution reflects A.V. Dicey's "Rule of Law" ?

(A) Article 14

(B) Article 21

(C) Article 23

(D) Article 30

12. Administrative law administered by the Administrative Courts in France is called :

(A) Jus Civile

(B) Droit Administratif

(C) Jus Gentium

(D) Jus Tertii

13. The Red light and the Green light theories of administrative law were developed by :

(A) Jain and Jain

(B) Griffith and Street

(C) Harlow and Rowlings

(D) Ivor Jennings

11. ભારતીય બંધારણનો કયો અનુચ્છેદ એ.વી. ડાઈસીના ''કાયદાનું શાસન'' ના સિદ્ધાંતને પ્રતિબિંબત કરે છે ?

(A) અનુચ્છેદ ૧૪

(B) અનુચ્છેદ ૨૧

(C) અનુચ્છેદ ૨૩

(D) અનુચ્છેદ ૩૦

12. ફ્રાંસની અદાલતોમાં અમલ થતા વહીવટી કાયદાને ........ કહે છે.

(A) જસ સીવીલ

(B) ડ્રોઈટ એડમીનીસ્ટ્રેટીફ

(C) જસ જેન્શીયમ

(D) જસ ટેર્ટી

13. વહીવટી કાયદામાં ''રેડ લાઈટ'' અને ''ગ્રીન લાઈટ'' સિદ્ધાંતો કોણે વિકસીત કર્યા છે ?

(A) જૈન અને જૈન

(B) ગ્રીફીથ અને સ્ટ્રીટ

(C) હાર્લો અને રાઉલીંગ્સ

(D) આઈવર જેનીંગ્સ

14. Between Red light theory and Green light theory models has emerged a Partnership based on common goal that is fostering highest standards of public administration. This theory is called as :

(A) Yellow light theory

(B) Blue light theory

(C) Purple light theory

(D) Amber light theory

15. Who reformulated the doctrine of Separation of powers in a systematic and scientific form ?

(A) Aristotle

(B) John Bodin

(C) Montesquieu

(D) John Locke

14. રેડ લાઈટ થીયરી અને ગ્રીન લાઈટ થીયરીની મધ્યે એક નમુનો ઉદ્દભવ્યો છે જેના સાધ્ય તરીકે જાહેરવહીવટના ઉચ્ચતમ ધોરણોની ભાગીદારી છે. આ થીયરી ......... નામે ઓળખાય છે.

(A) યલો લાઈટ થીયરી

(B) બ્લ્યુ લાઈટ થીયરી

(C) પર્પલ લાઈટ થીયરી

(D) એમ્બર લાઈટ થીયરી

15. સત્તા વિભાજનના સિદ્ધાંતનું પદ્ધતિસર અને વૈજ્ઞાનિક સ્વરૂપે પુનઃગઠન કોણે કર્યું ?

(A) એરીસ્ટોટલ

(B) જહોન બોડીન

(C) મોન્ટેસ્કયુ

(D) જહોન લોક

16. Few questions concerning human society have been asked with such persistance and answered by serious thinker in so many diverse ways as the question : what is law ? Whose words are these ?

(A) Justice Holmes

(B) Blackstone

(C) H.L.A. Hart

(D) Pollock

17. Supreme Legislation is :

(A) One which proceeds from any organ of government

(B) One which proceeds from sovereign power in the State

(C) One which proceeds from Judiciary

(D) One which proceeds from local government

16. ''જે પ્રશ્નો વારંવાર પુછાયા હોય અને વિચારશીલ ચિંતકો દ્વારા તેના ઉત્તરો અપાયા હોય તેવા માનવ સમાજને સ્પર્શતા પ્રશ્નોમાં વિધિ શું છે ? તે પ્રશ્ન જૂજ પ્રશ્નોમાંનો એક છે'' આ શબ્દો કોના છે ?

(A) જસ્ટીસ હોલ્મ્સ

(B) બ્લેક સ્ટોન

(C) એચએલએ હાર્ટ

(D) પોલોક

17. સર્વોચ્ચ વિધાન એટલે :

(A) એવું વિધાન જે સરકારના કોઈપણ અંગમાંથી ઉદ્દભવે

(B) જે વિધાન રાજ્યની સાર્વભૌમ વૈધાનિક સત્તામાંથી ઉદ્દભવે

(C) જે વિધાન ન્યાયતંત્રમાંથી ઉદ્દભવે

(D) જે વિધાન સ્થાનિક સરકારમાંથી ઉદ્દભવે

18. Whose words are these 'The morality of courts is higher than morality of the Palitician ?'

(A) Salmond

(B) Hobbes

(C) Locke

(D) Dicey

19. Who gave the idea of Lex Humana ?

(A) Sophista

(B) Glachyma

(C) St. Thomas Aquinas

(D) Stoics

20. Which of the following rules is based on natural law ?

(A) One should reach the market place by 10 O'clock

(B) Sun rises in the east and sets in the west

(C) One should return home by 5.30 pm

(D) One should take tea in the morning

18. ''અદાલતોની નૈતિકતા એ રાજકારણીઓની નૈતિકતા કરતાં વધુ ઉન્નત છે'' આ શબ્દો કોના છે ?

(A) સામંડ

(B) હોબ્સ

(C) લોક

(D) ડાઈસી

19. ''લેકસ હ્યુમેના'' નો ખ્યાલ કોણે આપ્યો ?

(A) સોફીસ્ટો

(B) ગ્લેકીમા

(C) સેન્ટ થોમસ એકવીનાસ

(D) સ્ટોઈકસ

20. નીચે પૈકી કયો નિયમ નૈસર્ગિક વિધિ ઉપર આધારિત છે ?

(A) વ્યક્તિએ સવારે ૧૦ કલાકે માર્કેટ પહોંચવું જોઈએ

(B) સૂર્ય પૂર્વમાં ઉગે છે અને પશ્ચિમમાં આથમે છે

(C) દરેકે સાંજે ૫.૩૦ કલાક સુધીમાં ઘરે પહોંચવું જોઈએ

(D) દરેકે સવારે ચા પીવી જોઈએ

21. Which of the following is a well known Positivist ?

(A) Cicero

(B) H.L.A. Hart

(C) St. Thomas Aquinas

(D) Stammler

21. નીચે પૈકી કોણ ખ્યાતનામ વિધાનવાદી છે ?

(A) સીસેરો

(B) એચએલએ હાર્ટ

(C) સેન્ટ થોમસ એકવીનાસ

(D) સ્ટેમ્લર

22. Which of the following jurists is *not* a sociological jurisprudent ?

(A) Ihering

(B) Roscoe Pound

(C) Ehrlich

(D) Holmes

22. નીચે પૈકી કયા વિધિશાસ્ત્રી સમાજશાસ્ત્રીય વિધિશાસ્ત્રી નથી ?

(A) ઈહેરીંગ

(B) રોસ્કો પાઉન્ડ

(C) એહર્લિક

(D) હોલ્મ્સ

23. Ehrlich talked about :

(A) Social solidarity

(B) Objective law

(C) Living law

(D) Hierarchy of norms

23. એહર્લિકે શાની વાત કરી છે ?

(A) સામાજિક એકતા

(B) વસ્તુનિષ્ઠ કાયદો

(C) જીવંત કાયદો

(D) નિયમોની ક્રમિક ગોઠવણી

24. A enticed a minor girl M without consent of her guardian G and kept her with him for a month after which he abandoned her. While loitering B took her with him :

(A) Only (A) is guilty

(B) Only (B) is guilty

(C) Both (A) and (B) are guilty

(D) No offence is committed

25. Mark the *correct* statement :

(A) Sexual intercoures by a man with a girl with or without consent under 16 years of age is rape

(B) Sexual intercourse by a man with a woman of any age without consent is rape

(C) Sexual intercourse by a man with his own wife not under 16 is rape

(D) (A) and (B) only

24. 'A' એક સગીર છોકરીને તેના વાલીની સંમતિ વગર ભોળવીને લઈ જાય છે. એક માસ સુધી પોતાની પાસે રાખે છે અને ત્યારબાદ તરછોડી દે છે. તેણીને રખડતી જોતાં 'B' તેને પોતાની સાથે લઈ જાય છે :

(A) માત્ર (A) ગુનેગાર છે

(B) માત્ર (B) ગુનેગાર છે

(C) બંને (A) અને (B) ગુનેગાર છે

(D) કોઈ ગુનો બન્યો નથી

25. નીચે પૈકી કયું ખરૂં છે ?

(A) કોઈ પુરુષ ૧૬ વર્ષથી નીચે વયની છોકરી સાથે તેની સંમતિ સાથે કે સંમતિ વગર સંભોગ કરે તો બળાત્કારનો ગુનો બને છે

(B) પુરુષનો કોઈ પણ વયની સ્ત્રી સાથે સંમતિ વગર કરવામાં આવતો સંભોગ બળાત્કાર છે

(C) પુરુષનો પોતાની ૧૬ વર્ષથી ઓછી નહિ તેવી ઉંમરની પત્ની સાથે કરવામાં આવેલો સંભોગ બળાત્કાર છે

(D) માત્ર (A) અને (B) બળાત્કારનો ગુનો છે

26. X along 4 other armed persons seizes the child of Y and threatens to kill him unless Y parts with his watch. X has committed :

(A) Extortion

(B) Robbery

(C) Dacoity

(D) Theft

27. X finds Y alone late in night. He shows him a revolver and demands his purse. X warns Y that if he does not hand over these things, he would kill him. Fearing injury Y hands over the valuables demanded by X. 'X' is :

(A) Guilty of theft

(B) Robbery

(C) Dacoity

(D) Not guilty

26. 'X' બીજા ચાર સશસ્ત્ર માણસો સાથે મળી "Y" ના પુત્રને પકડી લઈ તેને "Y" જો પોતાનું ઘડિયાળ ન આપે તો મારી નાખવાની ધમકી આપે છે 'X' ....... ગુનો કર્યો છે.

(A) બળજબરીથી પડાવી લેવું

(B) લૂંટ

(C) ધાડ

(D) ચોરી

27. 'X' એક વ્યક્તિ 'Y' ને મોડી રાત્રે એકલી જુએ છે. 'X' તેને રીવોલ્વર બતાવી તેનું પર્સ માંગે છે. 'X' ધમકી આપે છે કે જો 'Y' તેને પોતાનું પર્સ ન આપે તો તે મારી નાખશે. ઈજાના ભયથી 'Y' પોતાનું પર્સ 'X' ને આપી દે છે. 'X' નો ગુનો :

(A) ચોરી

(B) લૂંટ

(C) ધાડ

(D) કોઈ ગુનો બન્યો નથી

28. Section 326B added in IPC refers to :

(A) Grievous hurt

(B) Human trafficking

(C) Attempting to throw acid

(D) Sexual assault

29. The maxim 'actus non facit reum nisi mens sit rea' means :

(A) There can be no crime without a guilty mind

(B) Crime has to be coupled with guilty mind

(C) Crime is result of guilty mind

(D) In crime motive is relevant, intention is irrelevant

28. ભારતીય દંડ સંહિતાની ઉમેરાયેલી કલમ 326B ....... અંગે છે.

(A) ગંભીર ઈજા

(B) મનુષ્ય વેપાર

(C) એસીડ છાંટવાનો પ્રયત્ન

(D) જાતીય હુમલો

29. ''એકટસ નોન ફેસીટ રીયન, નીસી મેન્સ સીટ રી એટલે :

(A) ગુનાહીત માનસ વગર કોઈ ગુનો બનતો નથી

(B) ગુનાને ગુનાહીત માનસ સાથે જોડવું જોઈએ

(C) ગુનો એ ગુનાહીત માનસનું પરિણામ છે

(D) ગુનામાં પ્રયોજન સુસંગત છે, ઈરાદો સુસંગત નથી

30. 'Good Faith' in IPC means :

(A) an act done with due care and attention

(B) an actual belief that the act done is not contrary to law

(C) an act in fact, done honestly

(D) an act done with good motive

31. Which of the following statements *correctly* describes clause 'thirdly' of Sec. 300 IPC ?

(A) Knowledge that the act is likely to cause death

(B) Intention to cause bodily injury sufficient to cause death

(C) The accused intended the injury caused

(D) Nature of injury need not be proved

30. ભારતીય દંડ સંહિતામાં ''શુદ્ધ બુદ્ધિ'' એટલે :

(A) યોગ્ય કાળજી અને ધ્યાન સાથે કરવામાં આવેલું કૃત્ય

(B) કરવામાં આવેલું કૃત્ય કાયદાવિરુદ્ધનું નથી તેવું પ્રત્યક્ષ જ્ઞાન

(C) પ્રમાણિકતાથી કરવામાં આવેલું કૃત્ય

(D) શુદ્ધ પ્રયોજનથી કરવામાં આવેલું કૃત્ય

31. ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૦ અન્વયેના ખંડ (૩) મુજબ નીચે પૈકી કયું વિધાન ખરૂં છે ?

(A) કૃત્યથી મૃત્યુ નીપજવાની શકયતા છે તેવું જ્ઞાન

(B) મૃત્યુ નીપજાવવા માટે પર્યાપ્ત હોય તેવા પ્રકારની શારીરિક ઈજા કરવાનો ઈરાદો

(C) આરોપીએ ઈજા કરવાના ઈરાદા સાથે પહોંચાડેલી ઈજા

(D) ઈજાનું સ્વરૂપ સાબિત કરવાની જરૂર નથી

32. Which of the following is *correct* ?

(A) Koyoto Protocol : Transboundary Pollution

(B) Johannesburg Declaration : Sustainable Development

(C) Stockholm Conference : Conference on Climate Change

(D) Basel Convention : Human Environment

32. નીચે પૈકી કયું ખરૂં છે ?

(A) ક્યોટો પ્રોટોકોલ : આંતરસરહદીય પ્રદુષણ

(B) જોહાનિસબર્ગ ડેકલેરેશન : સમતોલ વિકાસ

(C) સ્ટોકહોમ કોન્ફરન્સ : આબોહવામાં પરિવર્તન સંદર્ભે કોન્ફરન્સ

(D) બેસલ કન્વેશન : માનવીય પર્યાવરણ

33. Under the Public Liability Insurance Act, 1991, the application seeking relief should be made to ........... .

(A) The District Collector

(B) The Insurance Company

(C) The Judicial Magistrate of First Class

(D) The District Judge

33. પબ્લીક લાયેબીલીટી ઇન્સ્યોરન્સ એકટ, ૧૯૯૧, અન્વયે દાદની માગણી ........ ને કરવાની હોય છે.

(A) જીલ્લા કલેકટર

(B) ઈન્સ્યુરન્સ કંપની

(C) પ્રથમ કક્ષાના જયુડીશીયલ મેજીસ્ટ્રેટ

(D) જીલ્લા ન્યાયાધીશ

34. Which of the following cases is popularly known as 'Span Mobel Case'.

(A) Indian Council for Enviro-Legal Action *Vs.* U.O.I.

(B) Sachidanand Pandey *Vs.* State of West Bengal

(C) M.C. Mehta *Vs.* Kamal Nath

(D) South India Salt Manufacturers Assn. *Vs.* Tamil Nadu Electricity Board

35. Which of the following case is *not* related to protection of forest ?

(A) Upendra Jha *Vs.* State of Bihar

(B) State of Bihar *Vs.* Banshi Ram

(C) Ambika Quarry Works *Vs.* State of Gujarat

(D) S. Jagannath *Vs.* U.O.I.

34. નીચેના કેસો પૈકી કયો કેસ ''સ્પાન મોબેલ કેસ'' તરીકે જાણીતો છે ?

(A) ઈન્ડીયન કાઉન્સિલ ફોર એન્વીરો–લીગલ એકશન વિરૂદ્ધ ભારત સંઘ

(B) સચ્ચિદાનંદ પાંડે વિરૂદ્ધ પશ્ચિમ બંગાળ રાજય

(C) એમ.સી. મહેતા વિરૂદ્ધ કમલનાથ

(D) સાઉથ ઈન્ડિયા સોલ્ટ મેન્યુફેકચરર્સ એસોસિયેશન વિરૂદ્ધ તામીલનાડું ઈલેકટ્રીસીટી બોર્ડ

35. નીચે પૈકી કયો કેસ જંગલોના રક્ષણ સંબંધી નથી :

(A) ઉપેન્દ્ર ઝા વિરૂદ્ધ સ્ટેટ ઓફ બિહાર

(B) સ્ટેટ ઓફ બિહાર વિરૂદ્ધ બંસીરામ

(C) અંબિકા કવોરી વર્કસ વિરૂદ્ધ સ્ટેટ ઓફ ગુજરાત

(D) એસ. જગન્નાથ વિરૂદ્ધ ભારત સંઘ

36. Which Act deals with 'Bio-diversity' ?

(A) The Forest Act

(B) The Wildlife (Protection) Act, 1972

(C) Above (A) and (B)

(D) The Merchant Shipping Act, 1970

36. નીચે પૈકી કયો કાયદો ''બાયોડાયવર્સીટી'' સંદર્ભે છે ?

(A) ધી ફોરેસ્ટ એક્ટ

(B) ધી વાઈલ્ડ લાઈફ (પ્રોટેકશન) એક્ટ, ૧૯૭૨

(C) બંને (A) અને (B)

(D) ધી મરચંટ શીપીંગ એક્ટ, ૧૯૭૦

37. The Supreme Court observed that noise pollution cannot be tolerated even if such noise was a direct result of and was connected with religious activities, in the case of :

(A) A.P. Pollution Control Board *Vs*. Prof. M.V. Naidu

(B) Church of God (Full Gospel) in India *Vs*. KKR Majestic Colony Welfare Association

(C) K.M. Chinappa *Vs*. U.O.I.

(D) Narmada Bachao Andolan *Vs*. U.O.I.

37. કયા કેસમાં સુપ્રિમ કોર્ટે ઠરાવ્યું કે ધાર્મિક પ્રવૃત્તિઓમાં થતો અવાજ પણ જો અવાજનું પ્રદુષણ ઊભું કરે તો તે સ્વીકાર્ય નથી :

(A) એ.પી. પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડ વિરૂદ્ધ પ્રોફેસર એમ.વી. નાયડુ

(B) ચર્ચ ઓફ ગોડ (ફૂલ ગોસ્પેલ) ઈન ઈન્ડિયા વિરૂદ્ધ કે.કે.આર. મેજેસ્ટીક કોલોની વેલ્ફેર એસોસિયેશન

(C) કે.એમ. ચિનપ્પા વિરૂદ્ધ ભારત સંઘ

(D) નર્મદા બચાવ આંદોલન વિરૂદ્ધ ભારત સંઘ

38. In which of the following cases it was held that there is no reasons to compel non-smokers to be helpless victims of air pollution ?

(A) Samantha *Vs.* State of A.P.

(B) M.C. Mehta *Vs.* U.O.I.

(C) Murli Deora *Vs.* U.O.I.

(D) Sheela Barse *Vs.* U.O.I.

39. **Statement I** : Subject to rules of jus cognes, local customary law can supplement or derogate from general custom.

**Statement II** : International law does not recognize the concept of local custom.

**Codes :**

(A) Both the statements are individually true and Statement II is the correct explanation of Statement I

(B) Both the statements are individually true but Statement II is not the correct explanation of Statement I

(C) Statement I is true but Statement II is false

(D) Statement I is false but Statement II is true

38. નીચે પૈકી કયા કેસમાં ઠરાવવામાં આવ્યું કે હવા પ્રદુષણના અસહાય પીડીતો બનવાની ધૂમ્રપાન ન કરનારાઓને ફરજ પાડી શકાય નહીં ?

(A) સામંથા વિરૂદ્ધ સ્ટેટ ઓફ એ.પી.

(B) એમ.સી. મહેતા વિરૂદ્ધ ભારત સંઘ

(C) મુરલી દેવરા વિરૂદ્ધ ભારત સંઘ

(D) શીલા બારસે વિરૂદ્ધ ભારત સંઘ

39. **વિધાન I** : જસ કોજન્સના નિયમો અન્વયે સ્થાનિક રૂઢિગત કાયદો એ સામાન્ય રૂઢિને પૂરક બની શકે અથવા વિપરીત થઈ શકે

**વિધાન II** : આંતરરાષ્ટ્રીય કાયદો સ્થાનિક રૂઢિના ખ્યાલને સ્વીકૃતિ આપતો નથી

**કોડ :**

(A) બંને વિધાન ખરાં છે અને વિધાન II એ વિધાન I ની ખરી સમજૂતી છે

(B) બંને વિધાન ખરાં છે પરંતુ વિધાન II એ વિધાન I ની ખરી સમજૂતી નથી

(C) વિધાન I ખરૂં છે પરંતુ વિધાન II ખોટું છે

(D) વિધાન I ખોટું છે પરંતુ વિધાન II ખરૂં છે

40. Which one of the following pairs is *correctly* matched ?

(A) De Facto Recognition : Irrevocable

(B) De jure recognition : Revocable

(C) Constitutive theory : Recognition is a formal acknowledgement of a existing fact

(D) Declaratory theory : A new state exists independent of recognition

40. નીચે પૈકી કયું જોડકું યોગ્ય રીતે જોડાણ ધરાવે છે ?

(A) હકિકતમાં સ્વીકૃતિ : અનિરસિત

(B) કાયદામાં સ્વીકૃતિ : નિરસિત

(C) અંગભૂત થીયરી : સ્વીકૃતિ એ અસ્તિત્વમાન હકીકતનો સ્વીકાર છે

(D) ઘોષણાત્મક થીયરી : સ્વીકૃતિ વિના નવું રાજ્ય અસ્તિત્વ ધરાવે

41. 'Jus Cogens' means :

(A) Preemptory norm of general International law from which no derogation is permissible

(B) Rules of ancient customary international law which are rendered redundant in modern time

(C) Abrogation of a rule in a treaty by a subsequent treaty

(D) Rules that emanate from cogency between states

42. What is meant by "Pacta sunt servanda" ?

(A) Compensation to the aggrieved party

(B) All treaties should be interpreted in the light of the pact of Pairs

(C) Contracts must be kept

(D) Right of self-defence

41. 'જસ કોજન્સ' એટલે :

(A) સામાન્ય આંતરરાષ્ટ્રીય કાયદાનો અંતિમ નિયમ જેમાંથી ચ્યુતતા થઈ શકે નહીં

(B) પ્રાચીન રૂઢિગત આંતરરાષ્ટ્રીય કાયદોના નિયમો જે આધુનિક સમયમાં નિરર્થક છે

(C) પછીથી થયેલી સંધિ અન્વયે આગળની સંધિના રદ થયેલા નિયમો

(D) એવા નિયમો જે રાજયો વચ્ચેના સ્વીકારમાંથી ઉદભવે

42. ''પેક્ટા સન્ડ સર્વાન્ડા'' એટલે શું ?

(A) વ્યથિત પક્ષકારને વળતર

(B) પેરીસના કરાર અન્વયે તમામ સંધિઓનું અર્થઘટન

(C) કરારનું પાલન આવશ્યક છે

(D) સ્વબચાવનો અધિકાર

43. International Court of Justice is the successor of :

(A) Permanent Tribunal

(B) Permanent Court of International Justice

(C) International Justice Council

(D) The Association of Jurists

44. "Through recognition the members of the International Community formally acknowledge that the new state has acquired international personality." It was stated by :

(A) Fenwik

(B) Oppenheim

(C) Hall

(D) Hobbes

43. ઈન્ટરનેશનલ કોર્ટ ઓફ જસ્ટીસ કોનું અનુગામી છે :

(A) કાયમી ટ્રીબ્યુનલ

(B) પરમેનન્ટ કોર્ટ ઓફ ઈન્ટરનેશનલ જસ્ટીસ

(C) ઈન્ટરનેશનલ જસ્ટીસ કાઉન્સિલ

(D) ધી એસોસિયેશન ઓફ જ્યુરીસ્ટસ

44. ''નવા રાજયએ આંતરરાષ્ટ્રીય વ્યક્તિત્વ પ્રાપ્ત કર્યું છે તે આંતરરાષ્ટ્રીય સમાજના સભ્યોની ઔપચારિક સ્વીકૃતિથી સ્પષ્ટ થાય છે'' આ વિધાન ......... નું છે.

(A) ફેનવિક

(B) ઓપનહેમ

(C) હોલ

(D) હોબ્સ

45. The charter of United Nations is :

(A) a multilateral treaty establishing or restating the rights and duties of signatory state

(B) a treaty among the members of Security Council

(C) an effort to maintain the peace and security mainly and exclusively

(D) a move to give nationality to states

46. A married Hindu lady, having no child of her own, wants to adopt a son. She can :

(A) not adopt

(B) adopt

(C) adopt with the consent of her husband

(D) adopt a daughter but not son

45. યુનાઈટેડ નેશન્સ ચાર્ટર :

(A) સહી કરનારા રાજ્યોના હકકો અને ફરજો સ્થાપિત કરતી અથવા પુનરોચ્ચાર કરતી બહુરાષ્ટ્રીય સંધિ છે

(B) સીકયુરીટી કાઉન્સિલના સભ્યો વચ્ચેની સંધિ

(C) શાંતિ અને સલામતી જાળવવાના હેતુથી અને માત્ર તે માટે જ થયેલ સંધિ

(D) રાજ્યોની રાષ્ટ્રીયતા આપવા સંદર્ભે થયેલ પહેલ

46. એક નિઃસંતાન પરીણીત હિંદુ સ્ત્રી એક પુત્ર દત્તક લેવા ઈચ્છે છે :

(A) દત્તક લઈ શકે નહીં

(B) દત્તક લઈ શકે

(C) પતિની સંમતિ સાથે દત્તક લઈ શકે

(D) પુત્રી દત્તક લઈ શકે પરંતુ પુત્ર દત્તક લઈ શકે નહિ

47. In which one of the following cases the Supreme Court held that Mother can act as natural guardian of a minor child even during the life time of father ?

(A) Sameer Ghosh *Vs.* Jaya Ghosh

(B) Gita Hariharan *Vs.* Reserve Bank of India

(C) Bijendra Kumar *Vs.* State of Bengal

(D) Shamin Ara *Vs.* State of U.P.

48. The maximum limit of Rs. 500 that could be paid to the claimant as maintenance under Section 125 of the Criminal Procedure Code, 1973 was removed in :

(A) 1973

(B) 1989

(C) 2001

(D) 2008

47. નીચેના પૈકી કયા કેસમાં સુપ્રિમ કોર્ટે ઠરાવ્યું કે પિતાની હયાતી દરમ્યાન પણ માતા પોતાના સગીર પુત્રના કુદરતી વાલી તરીકે કાર્ય કરી શકે :

(A) સમીર ઘોષ વિરૂદ્ધ જયા ઘોષ

(B) ગીતા હરીહરન વિરૂદ્ધ રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયા

(C) બિજેન્દ્ર કુમાર વિરૂદ્ધ સ્ટેટ ઓફ બેંગાલ

(D) શમીમ આરા વિરૂદ્ધ સ્ટેટ ઓફ યુ.પી.

48. ફોજદારી કાર્યવાહી ધારા ૧૯૭૩ ની કલમ ૧૨૫ અન્વયે રૂા. ૫૦૦ ની ભરણપોષણની મહત્તમ મર્યાદા ........ દૂર કરવામાં આવી.

(A) ૧૯૭૩

(B) ૧૯૮૯

(C) ૨૦૦૧

(D) ૨૦૦૮

49. Which Article of the Constitution mandates the state to enact a Uniform Civil Code applicable throughout India ?

(A) Article 14

(B) Article 44

(C) Article 42

(D) Article 37

50. The rule of unlawful conjunction under Muslim Law relates to :

(A) Second marriage of a married man

(B) Same sex marriage

(C) Marriage of a man with his existing wife's sister

(D) Marriage of a man with his cousin

49. ભારતીય બંધારણ કયા અનુચ્છેદ અન્વયે રાજયને સમાન નાગરિક ધારો ઘડવાની આજ્ઞા આપે છે ?

(A) અનુચ્છેદ ૧૪

(B) અનુચ્છેદ ૪૪

(C) અનુચ્છેદ ૪૨

(D) અનુચ્છેદ ૩૭

50. મુસ્લીમ કાયદા અન્વયે લગ્ન સંદર્ભે ગેરકાયદેસર જોડાણ કહેવાશે :

(A) પરીણીત પુરુષના બીજા લગ્ન

(B) એક જ લિંગની વ્યકિતઓ વચ્ચે લગ્ન

(C) પોતાની હયાત પત્નીની બહેન સાથે મુસ્લીમ પુરુષના લગ્ન

(D) પોતાની પિતરાઈ સાથે મુસ્લીમ પુરુષના લગ્ન

51. Under the Hindu Marriage Act, if the petitioner, after the solemnization of marriage, is treated with cruelty, divorce may be granted. Which one of the following cannot be treated as cruelty ?

(A) If the husband ill-treated the wife, beat her so much so that she had to go to the Police to lodge a report

(B) If the wife has made false accusation of adultery in respect of her husband

(C) Allegations of wife that the husband is moody, whimsical, selfish, irritable and inconsiderate

(D) In Smt. Chandralekha V. Dr. S.P. Trivedi, Supreme Court held that mere allegations and counter-allegations, without proof, of the husband and wife against each other is to be treated as cruelty

51. હિંદુ મેરેજ એક્ટ હેઠળ જો વિધિપૂર્વક થયેલા લગ્ન પછી અરજકર્તાની સાથે નિર્દયી વ્યવહાર કરવામાં આવે તો છૂટાછેડા મેળવી શકાય છે. નીચેનામાંથી કોને ''નિર્દયી વ્યવહાર'' ગણી શકાય નહીં ?

(A) જો પતિ પત્નીની સાથે એટલી હદ સુધી કઠોર વ્યવહાર કરે, મારઝૂડ કરે કે પત્નીને પોલીસ સ્ટેશને જઈ રિપોર્ટ કરવો પડે

(B) જો પત્નીએ તેના પતિ સામે વ્યભિચારના જૂઠા આરોપ મૂકયા હોય

(C) જો પત્નીએ પતિ વિરુદ્ધ આક્ષેપો કર્યા હોય કે પતિ વ્યાકુળ, તરંગી, સ્વાર્થી, તામસી અને અવિચારી છે

(D) શ્રીમતી ચંદ્રલેખા વિ. ડો. એસ.પી. ત્રિવેદી કેસમાં સુપ્રીમ કોર્ટે ઠરાવ્યું છે કે પતિ–પત્નીના એકબીજા સામેના માત્ર આક્ષેપો અને પ્રતિ–આક્ષેપો કે જેના અંગે કોઈ પુરાવો રજૂ થયો ન હોય તો તેને પણ ''નિર્દયી વ્યવહાર'' ગણી શકાય

52. The matrimonial remedy of judicial separation is *not* avaiable under which of the following enactments ?

(A) Dissolution of Muslim Marriages Act, 1939

(B) Hindu Marriage Act, 1955

(C) Special Marriage Act, 1954

(D) Parsi Marriage and Divorce Act, 1936

53. The Muslim Women (Protection of Rights on Divorce) Act, 1986 deals with :

(A) Maintenance rights of divorced Muslim women

(B) Rights of Muslim women to seek divorce

(C) Maintenance rights of Muslim women who have been divorced by their husband by pronouncement of Talaq

(D) Maintenance rights of Muslim women who have sought divorce from their husbands

52. ન્યાયિક વિયોજનની લગ્નવિષયક દાદ નીચે પૈકી કયા કાયદા હેઠળ પ્રાપ્ય નથી ?

(A) મુસ્લીમ લગ્ન વિચ્છેદનો કાયદો, ૧૯૩૯

(B) હિંદુ લગ્ન ધારો, ૧૯૫૫

(C) વિશિષ્ટ લગ્ન ધારો, ૧૯૫૪

(D) પારસી લગ્ન અને લગ્ન વિચ્છેદનો કાયદો, ૧૯૩૬

53. મુસ્લીમ સ્ત્રીઓ (લગ્ન વિચ્છેદ સમયે હકકોના રક્ષણ) અધિનિયમ, ૧૯૮૬ શાના સંદર્ભે છે ?

(A) લગ્ન વિચ્છેદ પામેલી મુસ્લીમ સ્ત્રીઓના ભરણપોષણના અધિકારો સંબંધી

(B) લગ્ન વિચ્છેદ મેળવવા મુસ્લીમ સ્ત્રીઓના અધિકારો સંબંધી

(C) મુસ્લિમ પતિ દ્વારા તલાક આપ્યેથી મુસ્લિમ સ્ત્રીઓના ભરણપોષણ સંબંધી

(D) જે મુસ્લિમ સ્ત્રીઓ લગ્ન વિચ્છેદ મેળવવા ઈચ્છે છે તેમના ભરણપોષણ સંબંધી

54. Which one of the following is *not* a Historical foundation of modern Human Rights Jurisprudence ?

(A) International Covenant on Civil and Political Rights

(B) American Declaration of Independence

(C) French Declaration of Rights of Man

(D) British Bill of Rights

55. The Universal Declaration of Human Rights was adopted by the General Assembly of the United Nations on :

(A) 15th August, 1947

(B) 26th January, 1950

(C) 10th December, 1948

(D) 10th December, 1949

54. માનવ અધિકારોના આધુનિક વિધિશાસ્ત્રમાં નીચે પૈકી કયો ઐતિહાસિક પાયો નથી ?

(A) દિવાની અને રાજકીય અધિકારોની આંતરરાષ્ટ્રીય સમજુતી

(B) અમેરીકન ડેકલેરેશન ઓફ ઈન્ડીપેન્ડન્સ

(C) ફ્રેંચ ડેકલેરેશન ઓફ રાઈટસ ઓફ મેન

(D) બ્રીટીશ બીલ ઓફ રાઈટસ

55. યુનાઈટેડ નેશન્સની જનરલ એસેમ્બલી દ્વારા માનવ અધિકારોની વૈશ્વિક ઘોષણા કયા દિને સ્વીકારવામાં આવી હતી ?

(A) ૧૫ ઓગસ્ટ ૧૯૪૭

(B) ૨૬ જાન્યુઆરી ૧૯૫૦

(C) ૧૦ ડીસેમ્બર ૧૯૪૮

(D) ૧૦ ડીસેમ્બર ૧૯૪૯

56. The modern perspective to Human Rights adopted by the World Conference on Human Rights in June, 1993 is the :

(A) Universal Declaration on Human Rights

(B) Rome Statute

(C) Charter of United Nations

(D) Vienna Declaration

57. The third generation of Human Rights are called :

(A) Civil Rights

(B) Solidarity Rights

(C) Political Rights

(D) Cultural Rights

58. The right included in the third generation of Human Rights is :

(A) The right to peace

(B) The right to self-determination

(C) The right to Nationality

(D) The right to enjoy benefits of scientific progress

56. માનવ અધિકારોનો આધુનિક અભિગમ જૂન ૧૯૯૩ ના આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સમાં ......... નામે સ્વીકારાયો :

(A) માનવ અધિકારોની વૈશ્વિક ઘોષણા

(B) રોમ સ્ટેટયુટ

(C) યુનાઈટેડ નેશન્સ ચાર્ટર

(D) વિયેના ડેકલેરેશન

57. ત્રીજી પેઢીના માનવ અધિકારો ....... કહેવાય છે.

(A) દિવાની અધિકારો

(B) એકયતાના અધિકારો

(C) રાજકીય અધિકારો

(D) સાંસ્કૃતિક અધિકારો

58. ત્રીજી પેઢીના માનવઅધિકારોમાં નીચે જણાવેલા કયા અધિકારનો સમાવેશ થાય છે ?

(A) શાંતિનો અધિકાર

(B) સ્વનિર્ણયનો અધિકાર

(C) રાષ્ટ્રીયતાનો અધિકાર

(D) વૈજ્ઞાનિક વિકાસના લાભોના ઉપભોગનો અધિકાર

59. Which document "Reaffirmed faith in fundamental human rights, in the dignity and the worth of the human person, in the equal rights on men and women and of nations large and small".

(A) Magna Carta

(B) International Bill of Human Rights

(C) U.N. Charter

(D) Universal Declaration of Human Rights

60. Who prepared a draft of "International Bill of Rights of Man" and suggested that the United Nations make it a part of the Fundamental Constitution of World Community ?

(A) Hugo Grotius

(B) Franklin Roosevelt

(C) Eleanor Roosevelt

(D) Dr. H. Lautapacht

59. નીચે પૈકી કયા દસ્તાવેજે ''મૂળભૂત માનવ અધિકારોમાં, માનવ વ્યક્તિની ગરીમા અને મૂલ્યમાં, સ્ત્રીઓ અને પુરુષોના સમાન અધિકારોમાં અને નાના અને મોટાં રાષ્ટ્રોની સમાનતામાં પુનઃ વિશ્વાસ'' વ્યક્ત કર્યો છે ?

(A) મેગ્ના કાર્ટા

(B) ઈન્ટરનેશનલ બીલ ઓફ રાઈટસ

(C) યુ.એન. ચાર્ટર

(D) યુનિવર્સલ ડેકલેરેશન ઓફ હ્યુમન રાઈટસ

60. ''ઈન્ટરનેશનલ બીલ ઓફ રાઈટસ ઓફ મેન'' નો ડ્રાફટ કોણે તૈયાર કર્યો અને સૂચવ્યું કે તેને વિશ્વસમાજના મૂળભૂત બંધારણનો ભાગ બનાવવો જોઈએ ?

(A) હ્યુગો ગ્રોશ્યસ

(B) ફ્રેંકલિન રૂઝવેલ્ટ

(C) ઈલીનોર રૂઝવેલ્ટ

(D) ડો. એચ. લોટરપેચ

61. Which one of the following is *not correct* ?

(A) In tort and breach of contract actual damage must occur while in crime it is not necessary

(B) Tort and breach of contract are private wrongs while crime is a public wrong

(C) In tort and crime the duty is fixed by law while in contract the duty is fixed by the parties themselves

(D) In tort and crime rights and duties are in rem while in contract they are in personum

62. Innuendo means :

(A) An innocent looking statement which has a hidden defamatory meaning

(B) Doing an act with an intention to cause harm to others

(C) Doing an act without any intention to cause harm to others

(D) Statement which is not defamatory

61. નીચે પૈકી કયું ખરૂં નથી ?

(A) અપકૃત્ય અને કરાર ભંગમાં ખરેખર નુકસાન થવું જરૂરી છે જયારે ગુનામાં તે જરૂરી નથી

(B) અપકૃત્ય અને કરાર ભંગ એ ખાનગી દુષ્કૃત્યો છે જયારે ગુનો એ જાહેર દુષ્કૃત્ય છે

(C) અપકૃત્ય અને ગુનામાં જવાબદારી કાયદો નકકી કરે છે જયારે કરારમાં પક્ષકારો પોતે જવાબદારીઓ નકકી કરે છે

(D) અપકૃત્ય અને ગુનામાં અધિકારો અને ફરજો સમાજવિષયક છે જયારે કરારમાં અધિકારો અને ફરજો વ્યકિત વિષયક છે

62. વક્રોકિત અથવા કટાક્ષ એટલે :

(A) દેખીતી રીતે નિર્દોષ દેખાતું વિધાન પરંતુ જેનો ગર્ભિત અર્થ બદનક્ષીપૂર્ણ હોય

(B) બીજાને હાનિ પહોંચાડવાના ઈરાદાથી કરવામાં આવેલું કૃત્ય

(C) બીજાને હાનિ પહોંચાડવાના કોઈ પણ ઈરાદા વગર કરવામાં આવેલું કૃત્ય

(D) એવું વિધાન જે બદનક્ષીપૂર્ણ નથી

63. **Principle :** Tort feaser must take his victim as he finds him.

**Facts :** 'A' though directly involved in a motor accident, remained physically unhurt but suffered Myalgic Encephalomyelitis, a psychiatric illness with which he had earlier suffered but which was then in remission. He claimed damages from the driver of the motor car. Will he succeed ?

(A) No. This illness was not foreseeable in a preson of normal health

(B) No. He has not suffered any physical injury by direct impact

(C) Yes. He has suffered injuries by shock

(D) Yes. though this illness was not foreseeable but some physical harm was foreseeable

63. **સિદ્ધાંત :** અપકૃત્ય કરનારે તેનો ભોગ બનેલા પીડીતની યથાવત જવાબદારી લેવાની છે.

**હકીકતો :** 'A' સીધી રીતે અકસ્માતનો ભોગ બને છે તેને શારીરિક ઈજા થતી નથી પરંતુ તેની માનસિક બિમારી માયેલેજીક એનકીફેલાઈટીસ જે તેને અગાઉથી હતી પરંતુ હાલ ઘટી છે. તે બિમારી અકસ્માતને પરિણામે વધે છે. A એ વાહનચાલક સામે વળતરનો દાવો કર્યો છે શું તે સફળ થશે ?

(A) ના–કારણ કે વાદીની બિમારી સામાન્ય તંદુરસ્તી ધરાવતા મનુષ્યમાં આગળથી જોઈ શકાય તેવી નહોતી

(B) ના–વાદીને કોઈ શારીરિક ઈજા અકસ્માતના સીધા પરિણામ રૂપ થઈ નથી

(C) હા–કારણ કે વાદીને અકસ્માતના આઘાતને લીધે હાનિ થઈ છે

(D) હા–વાદીની માનસિક બિમારી અગાઉથી જોઈ શકાય તેવી ન હતી છતાં અકસ્માતને લીધે થનારી સંભવિત હાનિ જોઈ શકાય તેવી છે

64. Defamation is the publication of statement resulting in :

(A) injury to one's dignity of self respect

(B) injury to the esteem or regard in which one is held by others

(C) injury to the body

(D) injury to the property

65. Injuria sine damno means :

(A) for every wrong there is remedy

(B) for every damage there is remedy

(C) no remedy if there is no damage

(D) Violation of legal rights without actual damage

64. બદનક્ષી એટલે નિવેદનનું પ્રસિદ્ધ થવું જે :

(A) વ્યક્તિના સ્વાભિમાનને હાનિમાં પરિણમે

(B) અન્ય વ્યક્તિઓ જેને માન અથવા પ્રતિષ્ઠાથી જુએ છે તેવી વ્યક્તિની પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડે

(C) શરીરને હાનિ પહોંચાડે

(D) મિલકતને હાનિ પહોંચાડે

65. ''ઈન્જુરીયા સાઈન ડેમ્નો'' એટલે :

(A) દરેક દુષ્કૃત્ય માટે ઉપાય છે

(B) દરેક નુકસાન માટે ઉપાય છે

(C) નુકસાન ન હોય તો ઉપાય નથી

(D) કોઈ પ્રત્યક્ષ નુકસાન વગર કાનૂની અધિકારોને થયેલ હાનિ

66. In deciding the question of negligence by medical professionals, the classical statement of law which has been widely accepted as decisive of the standard of care required is popularly called :

(A) Stephen test

(B) Frien test

(C) Bolam test

(D) Hyde test

67. For constituting tort of nuisance, there should be :

(A) unreasonable interference

(B) interference should be with the use or enjoyment of land

(C) actual damage

(D) all of the above

66. તબીબી વ્યાવસાયિકો દ્વારા ઉપેક્ષાના ધોરણ નક્કી કરવા માટે ઉપયોગમાં લેવામાં આવતી પ્રચલિત કાનૂની સિદ્ધાંત દર્શાવતી કસોટી નામે ઓળખાય છે :

(A) સ્ટીફન ટેસ્ટ

(B) ફ્રાયન ટેસ્ટ

(C) બોલમ ટેસ્ટ

(D) હાઈડ ટેસ્ટ

67. ઉપદ્રવના અપકૃત્ય માટે જરૂરી છે :

(A) ગેરવાજબી દખલ

(B) જમીનના ઉપયોગ કે ઉપભોગમાં દખલ હોવી જોઈએ

(C) પ્રત્યક્ષ નુકસાન

(D) ઉપરોક્ત પૈકી ત્રણેય

68. Partnership is based on :

(A) Mutual trust

(B) Mutual benefit

(C) Mutual interest

(D) Mutual agency

69. Registration of a partnership firm is :

(A) not compulsory but there is some penalty for non-registration

(B) compulsory

(C) not compulsory but an unregistered firm cannot sue any third person for the enforcement of any right arising from contract

(D) compulsory and there is penalty for non-registration

68. ભાગીદારી આધારિત છે :

(A) પરસ્પર વિશ્વાસ ઉપર

(B) પરસ્પર લાભ ઉપર

(C) પરસ્પર હિત ઉપર

(D) પરસ્પર એજન્સી ઉપર

69. ભાગીદારી પેઢીનું રજીસ્ટ્રેશન :

(A) ફરજીયાત નથી પરંતુ રજીસ્ટ્રેશન ન કરવાથી દંડ થાય છે

(B) ફરજીયાત છે

(C) ફરજીયાત નથી પરંતુ રજીસ્ટ્રેશન ન થયું હોય તેવી ભાગીદારી પેઢી ત્રાહિત વ્યક્તિ ઉપર કરાર સંદર્ભે ઉદભવેલા અધિકાર સંબંધી દાવો કરી શકતી નથી

(D) ફરજીયાત છે અને ન કરાવવાથી દંડ થાય છે

70. Which of the following is a right of seller ?

(A) Payment of price

(B) Delivery

(C) Custody

(D) Title

71. Doctrine Caveat Emptor means :

(A) Emperor is Supreme

(B) Buyer beware

(C) Seller beware

(D) Employee beware

70. નીચે પૈકી કયો વેચનારનો અધિકાર છે ?

(A) કિંમતની ચૂકવણું

(B) સોંપણી

(C) કસ્ટડી

(D) ટાઈટલ

71. ''કેવીયેટ એમ્પ્ટર'' એટલે :

(A) સમ્રાટ સર્વોચ્ચ છે

(B) ખરીદનાર સાવધાન

(C) વેચનાર સાવધાન

(D) કર્મચારી સાવધાન

72. Match items in Column I with Column II and select the *correct* answer from the codes given below :

| | Column I | Column II |
|---|---|---|
| (*a*) | Definition of promissory note | (1) Section 30 |
| (*b*) | Drawer of Cheque | (2) Section 45-A |
| (*c*) | Holder's right to duplicate | (3) Section 135 |
| (*d*) | Dishonour | (4) Section 4 |

**Codes :**

| | (*a*) | (*b*) | (*c*) | (*d*) |
|---|---|---|---|---|
| (A) | (2) | (4) | (1) | (3) |
| (B) | (4) | (2) | (3) | (1) |
| (C) | (4) | (1) | (3) | (2) |
| (D) | (4) | (1) | (2) | (3) |

73. All directors of a company were travelling in plane, which crashes and none of them could be saved :

(A) The company will have to get wound up

(B) Stop business

(C) Somebody will have to call AGM and new directors will have to be appointed

(D) Company will have to be closed down

72. કોલમ I અને કોલમ II માં આપેલાને જોડો અને નીચે જણાવેલા કોડમાંથી ખરૂં જણાવો :

| | કોલમ I | કોલમ II |
|---|---|---|
| (*a*) | પ્રોમીસરી નોટની વ્યાખ્યા | (1) કલમ 30 |
| (*b*) | ચેક લખનાર | (2) કલમ 45-A |
| (*c*) | ડુપ્લીકેટ કરવા ધારણ કરનારનો અધિકાર | (3) કલમ 135 |
| (*d*) | પરત થવું | (4) કલમ 4 |

**કોડ :**

| | (*a*) | (*b*) | (*c*) | (*d*) |
|---|---|---|---|---|
| (A) | (2) | (4) | (1) | (3) |
| (B) | (4) | (2) | (3) | (1) |
| (C) | (4) | (1) | (3) | (2) |
| (D) | (4) | (1) | (2) | (3) |

73. એક કંપનીના તમામ ડીરેકટરો વિમાનમાં મુસાફરી કરતા હતા. વિમાન તૂટી પડતાં તમામ ડીરેકટરો માર્યા ગયા :

(A) કંપની ફડચામાં જશે

(B) કંપનીએ ધંધો બંધ કરવો પડશે

(C) કોઈકે એન્યુઅલ જનરલ મીટીંગ બોલાવવી પડશે અને નવા ડીરેકટરોની નિમણૂંક કરવી પડશે

(D) કંપની બંધ પડી જશે

74. Various cases have established that the rule in the case of "Royal British Bank V. Turquand" did not operate in a completely unrestricted manner. Keeping this in view, answer which one of the following statements is *incorrect* :

(A) This rule only protected "outsiders", that is persons dealing 'externally' with the company.

(B) Actual notice of the failure to comply with the internal procedures precluded reliance upon the rule.

(C) An outsider could not rely upon this rule where the nature of the transaction is suspicious.

(D) If the transaction in question could not in the circumstance have been validly entered into by the company, even then the third party could enforce the rule.

75. Which of the following statements is *incorrect* ?

(A) Directors derive their powers emanating from Board Resolutions

(B) Unlike shareholders, directors cannot participate through proxy

(C) Unlike employees, directors cannot absolve themselves of their responsibility for the delegated duties

(D) A person shall be eligible for appointment as a Director of a company if he has applied to be adjudicated as an insolvent and his application is pending

74. જુદાજુદા કેસોના નિર્ણય ઉપરથી એ સ્થાપિત થયું છે કે ''રોયલ બ્રીટીશ બેંક વિ. તરકુંડ''કેસનો નિયમ સંપૂર્ણપણે નિરંકુશ રીતે કામ કરતો નથી. આ હકીકત ખ્યાલમાં રાખીને નીચેનામાંથી કયું કથન સાચું નથી તે જણાવો :

(A) આ નિયમ ફક્ત બાહ્યવ્યક્તિઓને જ રક્ષણ આપે છે એટલે કે કંપની સાથે જે વ્યક્તિઓ બહારથી વ્યવહાર કરે છે તેને જ રક્ષણ આપે છે

(B) કંપની આંતરિક કાર્યવાહી કરવામાં નિષ્ફળ ગઈ હોય તેવી ખરેખર માહિતી હોય તો તેવી વ્યક્તિ આ નિયમ ઉપર આધાર રાખી શકે નહિ

(C) બાહ્યવ્યક્તિને કંપની સાથેનો કોઈ વ્યવહાર કરવાની બાબતમાં જો તે પ્રકારનો વ્યવહાર શંકાસ્પદ લાગતો હોય તો આ નિયમ ઉપર તે આધાર રાખી શકે નહીં

(D) કંપની જો કોઈ વ્યવહાર કોઈ ત્રાહિત વ્યક્તિ સાથે કરવા કાયદેસર રીતે સક્ષમ ન હોય છતાં તે વ્યવહાર કર્યો હોય તો તે વ્યક્તિ આ નિયમનો અમલ કરવા કાર્યવાહી કરી શકે છે

75. નીચેનામાંથી કયું કથન સાચું નથી ?

(A) કંપનીના ડીરેકટરો તેમની સત્તાઓ બોર્ડના ઠરાવોમાંથી મેળવે છે

(B) જેમ કંપનીના શેરહોલ્ડરો કંપનીની મીટીંગમાં તેમના અધિકૃત પ્રતિનિધિ દ્વારા ભાગ લઈ શકે છે તેમ કંપનીના ડીરેકટરો અધિકૃત પ્રતિનિધિ દ્વારા ભાગ લઈ શકતા નથી

(C) કંપનીના કર્મચારીઓની જેમ કંપનીના ડીરેકટરો તેમની સોંપેલી જવાબદારવાળી ફરજોમાંથી મુક્ત થઈ શકે નહિ

(D) જો કોઈ વ્યક્તિએ પોતાને નાદાર જાહેર કરવા માટે અરજી કરી હોય પણ અરજીનો નિકાલ ન થયો હોય તો તે વ્યક્તિ કંપનીના ''ડીરેકટર'' તરીકેની નિમણૂંક માટે લાયક છે

ROUGH WORK

SEAL